**NAAC – Accredited CGPA 2.11**
SHRI A.R.S. SAKHIDA ARTS, SHRI C.C.GEDIWALA COMMERCE
SHRIC.C.HOMESCIENCECOLLEGE, LIMBDI
DIST.SURENDRANAGAR (GUJARAT)363421
(Managed By LimbdiKelavaniMandal)
College Code :77, Zone Code : 94, STD 02753 Tel/Fax 260025 (O), 260291 ( R )
www.arsscolleges.org, E-mail:arscollege@gmail.com

Dr.S.G.PUROHIT
PRINCIPAL

# વિદ્યાર્થી / વાલી જોગ સુચના

શ્રી એ.આર.એસ.સખીદા આર્ટસ, શ્રી સી.સી.ગેડીવાળા કોમર્સ અને શ્રી સી.સી. હોમ સાયન્સ કોલેજ, લીંબડીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીશ્રીઓને જણાવવાનું કે રાજય સરકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના નીતિ-નિયમો મુજબ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની કોલેજના **કલાસટીચીંગ**, કોલેજના **સાંસ્કૃતિક કાર્યક્રમો**, કોલેજમાં યોજાતા અન્ય વિવિધ કાર્યક્રમો વગેરેમાં વિદ્યાર્થીની, દરેક સત્રની **૮૦% હાજરી** હોય, તેઓ જ સૌરાષ્ટ્ર **યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શકે છે**. નિયમો મુજબ જે વિદ્યાર્થીની હાજરી નહિ હોય તે **પરીક્ષા ફોર્મ ભરી શકાશે નહિ** / પરીક્ષા આપી શકશે નહિ, જેની જવાબદારી વિદ્યાર્થી અને વાલીની રહેશે.

# વિદ્યાર્થીની અનિયમિતતાને લીધે ઉભી થતી પરિસ્થિતિ

- તમારા દિકરા/દિકરી કોલેજે ન આવવાથી / અનિયમિતતાથી / કોલેજ પ્રવૃતિઓમાં ભાગ ન લેવાથી અને ઘરે ૫ થી ૭ કલાક લેખન/વાંચન ન કરવાથી, તેનું રીઝલ્ટ નબળું આવે છે, અથવા એક કે વધુ વિષયમાં નાપાસ થાય છે.
- તમારા દિકરા/દિકરીના નબળા રીઝલ્ટને લીધે કોલેજની સરકારી નાંણાકીય ગ્રાન્ટ કપાય છે. જે અંગે વાલી કે તેના દિકરા/દિકરીને સાચી માહિતી હોતી નથી.
- તામારા દિકરા/દિકરીના નબળા રિઝલ્ટને લીધે તે સારી નોકરી કે સારી રોજગારીથી વંચિત રહે છે. જે અંગે વાલીને કે તેના દિકરા/દિકરી વાકેફ હોતા નથી.
- મોટાભાગના વાલીઓ તેમના દિકરા/દિકરીના લેશન, રીઝલ્ટ તથા અભ્યાસ અંગે ગંભીર નથી.

# તમારા દિકરા/દિકરીના પ્રગતિ માટે આટલું અવશ્ય કરો

- તમારા દિકરા/દિકરી કોલેજમાં નિયમિત હાજર રહે, કલાસ ટીચીંગ દરમ્યાન કલાસમાં હાજર રહે, કોલેજમાં તેના વિકાસ માટેના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લે, કોલેજમાં યોજાતા અન્ય કાર્યક્રમો જ્ઞાન વર્ધક, નાટયકલા, રમતગમત, સમાજસેવા, લાઇબ્રેરીમાં વાંચન, સંગીત, કલા કૌશલ્ય, નિબંધ લેખન, વકૃત્વ સ્પર્ધા, જનરલ નોલેજ, કવીઝ, રોજગાર કૌશલ્ય વિગેરે કાર્યક્રમોમાં અવશ્ય ભાગ લે તે માટે તમારા દિકરા/દિકરીને જણાવો અને પ્રોત્સાહિત કરો.
- તમારા દિકરા/દિકરી ઘરે રોજે રોજ ૫ થી ૭ કલાક લેખન / વાંચન કરે તેવી વ્યવસ્થા કરવી અને તેનું ધ્યાન રાખવું.
- તમારા દિકરા/દિકરીનું રીઝલ્ટ તપાસો. તમારા દિકરા/દિકરી અભ્યાસ માટે આવશ્યક હોય તેટલો જ મોબાઇલનો મર્યાદિત ઉપયોગ કરે, તેના અભ્યાસનું ટાઇમ-ટેબલ બનાવી ઘરમાં તે મુજબ અભ્યાસ કરે.
- તમારા દિકરા/દિકરી તમને સાચી માહિતી આપે તેવું ઘરમાં વાતાવરણ ઉભું કરો. અભ્યાસમાં ધ્યાન આપે તેવી ગોઠવણી કરો. કોલેજ વાલી મીટીંગ ગોઠવે ત્યારે, વાલી મીટીંગમાં અવશ્ય સમયસર હાજર રહો.
- તમારા દિકરા/દિકરીના શૈક્ષણિક વિકાસ, ઉતમ રીઝલ્ટ અને સારી રોજગારી માટે વાલી તરીકે તમે પૂરેપુરું ધ્યાન આપો.
- કોલેજની વેબસાઇટ / નોટીસ બોર્ડ રોજે રોજ સાંજે અથવા સવારે ૭=૦૦ વાગ્યે વિદ્યાર્થીઓએ અવશ્ય જોઇ લેવી.
- તમારા દિકરા/દિકરી નિયમિત અને સમયસર કોલેજ જાય તથા પરત આવે, કોઇ ખોટી સંગત ન કરે, તમાકું, માવા-મસાલા ન ખાય તેનું ધ્યાન રાખો. તમારા દિકરાને વ્યસન મુકત રાખી, શરીર, પરિવાર, પર્યાવરણ અને નાણાંનો વ્યય થતો અટકાવો.

**તા.૧૪/૦૭/૨૦૨૨** ડૉ. એસ. જી. પુરોહિત